# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત.

Phone No : (0261)2662903, Email:-*suratdeo@gmail.com*

જા.નં./મા-૭/ફાયરસેફટી-NOC/૨૦૨૨/૩૯૮૮-૯૯ તા. ૧૪/૦૩/૨૦૨૨

પ્રતિ,

પ્રમુખશ્રી/મંત્રીશ્રી/આચાર્યશ્રી,

મા.અને ઉ.મા.શાળાઓ સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ શાળાઓ તમામ,

જિ-સુરત.

વિષય:- જિલ્લામાં આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાયર એન.ઓ.સી મેળવી લેવા બાબત.

સંદર્ભ:- સચિવશ્રી,ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર:-મઉમશબ/શાની/૧૫૧૯-૧૫૫૨, તા.૧૦/૦૩/૨૦૨૨.

ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, સુરત જિલ્લામાં આવેલી સરકારી,ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. તમામ શાળાઓમાં જે શાળાઓએ ફાયર સેફ્ટીનું NOC મેળવેલ નથી તેવી શાળાઓના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/આચાર્યશ્રીઓએ જે તે શાળાઓને લાગુ પડતાં ફાયર સેફ્ટી NOC ઈસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી ફાયર સેફ્ટીનું NOC મેળવવાની કાર્યવાહી કરવા માટે આથી જણાવવામાં આવે છે. તથા જયારે પણ ફાયર સેફ્ટી NOC ની મુદત પૂર્ણ થાય તે પહેલા ફાયર સેફ્ટી NOC રીન્યુઅલ કરાવવાની રહેશે.

સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી ફાયર સેફ્ટીનું NOC મેળવી તેની પ્રમાણિત કરેલી એક નકલ અત્રેની કચેરીમાં તાત્કાલિક મોકલી આપવાની રહેશે. સમય મર્યાદામાં ફાયર સેફ્ટીનું NOC મેળવવામાં નહિ આવે તો આ બાબતે કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની તમામ જવાબદારી સંચાલક મંડળ/આચાર્યશ્રી ની રહેશે. જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત.

<u>નકલ સવિનય રવાના:-</u>

- સચિવશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.

તાત્કાલિક / કોર્ટમેટર

ક્રમાંક;મઉમશબ/શાનિ/1519/1552
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા:- 10-3-2022

પ્રતિ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી

તમામ

વિષય:- પી.આઇ.એલ નં. ૧૧૮/૨૦૨૦ શ્રી અમિત મણિલાલ પંચાલ વિરુધ્ધ રાજય સરકાર અને અન્ય

સંદર્ભ:- ૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૫/૦૨/૨૦૨૨ના પત્ર ક્રમાંક:-અગન-૧૦૨૦૨૦-૩૩૯-લ૧(પાર્ટ-૯)

૨) શિક્ષણ વિભાગના તા.૧૦/૦૨/૨૦૨૨ના પત્ર ક્રમાંક:-મશબ/૧૨૨૧/૮૫/છ

૩) શિક્ષણ વિભાગના તા.૧૦/૦૩/૨૦૨૨ના પત્ર ક્રમાંક:-મશબ/૧૨૨૧/૯૫/છ

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રોથી જણાવવાનું કે નામદાર હાઇકોર્ટમાં ફાયર.એન.ઓ.સી સંબધિત દાખલ થયેલ પી.આઇ.એલ નં ૧૧૮/૨૦૨૦માં શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ દ્વારા તા.૨૬/૦૧/૨૦૨૧ના રોજ નામ.હાઇકોર્ટમાં ફાઇલ કરેલ એફિડેવીટ મુજબ ફાયર સેફટી નોર્મ્સ સિધ્ધ કરવા અંગે નિયત કરેલ ટાઇમ લાઇન અંગેના ચાર્ટ મુજબ સમયમર્યાદા(તા.૩૧/૦૧/૨૦૨૨) વીતી ગયેલ હોવા છતાં પ્રસ્તુત મેટરની આગામી સુનાવણી તા.૧૫/૦૨/૨૦૨૨ પહેલા રાજયની તમામ સરકારી સ્કુલો દ્વારા ફાયર એન.ઓ.સી અચૂક મેળવાય તે સુનિશ્ચિત કરવા તથા ખાનગી સ્કુલો દ્વારા ઉકત સમયમર્યાદામાં F.S.C. અચૂક મેળવાય તે જોવા નિયંત્રણ હેઠળના સત્તાધિકારીશ્રીઓને જરૂરી સૂચના પાઠવવા જણાવેલ છે.

ઉકત બાબત ધ્યાને લઇ આપની કચેરીના નિયંત્રણ હેઠળની તમામ શાળાઓ દ્વારા આ કેસની આગામી સુનાવણી પહેલા ફાયર એન.ઓ.સી. અચૂક મેળવાય તે સુનિશ્ચિત કરવા તથા ખાનગી સ્કુલો દ્વારા ઉકત સમયમર્યાદામાં F.S.C. અચૂક મેળવવા જણાવવામાં આવે છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર